# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**"ધન્વંતરી આરોગ્ય રથ" ધ્વારા કરવામાં આવેલ કામગીરી**

સુરત મહાનગરપાલિકા ધ્વારા કોરોના વાયરસના સંક્રમણની સાંકળને તોડવા સતત સઘન કામગીરી કરવામાં આવી રહી છે. કોવિડના લક્ષણો ધરાવતા વ્યકિતઓને તેઓના નજીકના સ્થળો પર કોવિડ પરિક્ષણ થઈ શકે તથા અન્ય આરોગ્યલક્ષી સારવાર સરળતાથી મળી શકે તે હેતુસર "ધન્વંતરી આરોગ્ય રથ" ની સેવા શરૂ કરવામાં આવેલ. જેનો શહેરીજનો દ્વારા મહત્તમ લાભ લેવામાં આવી રહયો છે. આજરોજ શહેરમાં ૨૧૦ ધન્વંતરી આરોગ્ય રથની ટીમ મારફત ૮૬૨ વિસ્તારોમાં આવેલ ૫૮,૧૩૬ ઘરો તેમજ ૨,૫૦,૭૩૮ વ્યકિતઓનું આરોગ્યલક્ષી સર્વે કરવામાં આવેલ છે. જે સર્વે દરમ્યાન ૩૯,૩૬૬ વ્યકિતઓની ચકાસણી કરતા તેમાંથી તાવના ૩૫ અને અન્ય બિમારીના ૩૮,૭૮૯ કેસો મળેલ છે. તેમજ ૪૮,૮૨૮ વ્યકિતઓની $S_PO_2$ની ચકાસણી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૬૨૩,**
**તા.૨૨/૦૭/૨૦૨૧**